# <u>રાજય કક્ષાના તાલીમ કાર્યક્રમ અંગે</u>

આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીઆ ખાતે તા.૨૭ અને ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ "સોયાબીનની ચોકસાઈ પૂર્વકની ખેતી પધ્ધતિ" વિષય ઉપર બે દિવસીય રાજય કક્ષાના તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં દાહોદ, દેવગઢ બારીઆ, ડેરોલ, ગોધરા, જબુગામ, અરણેજ અને વસો ખાતે ફરજ બજાવતા ૨૦ જેટલા ખેતી અધિકારી, ખેતી મદદનીશ, પંચમહાલ જીલ્લાના લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ અને રીસર્ચ એસોસીએટ ધ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો શુભારંભ યુનિટ અધિકારી ર્ડા. જી.જે.પટેલ, આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીઆ, ર્ડા.યુ.એમ.પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદ અને ર્ડા. એન.બી.પટેલ, તાલીમ સહાયક (પાક સંરક્ષણ) તેમજ અત્રેની કચેરીના અન્ય કર્મચારીગણની હાજરીમાં દીપ પ્રાગટય કરવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત ર્ડા. એન.બી.પટેલ ધ્વારા શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી. ત્યારબાદ ર્ડા. જી.જે. પટેલ ધ્વારા સોયાબીનના પાક અંગેની માહિતી આપવામાં આવી.

કાર્યક્રમના પ્રથમ દિવસે ર્ડા. યુ.એમ.પટેલ ધ્વારા તાલીમાર્થીઓને સોયાબીનની ઉત્પાદકતા વધારવા માટે કયા ચાવીરૂપ મુદાઓ ધ્યાનમાં લેવા જોઈએ તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. સોયાબીનના પાકની ખેતી દિવસે–દિવસે ગુજરાત રાજયમાં વધતી જાય છે તો તે માટે યુનિટના વડા ર્ડા. જી.જે. પટેલ ધ્વારા તાલીમાર્થીઓને સોયાબીનની ખેતી પધ્ધતિ માટે કયા કયા મુદાઓ ધ્યાનમાં લેવા જોઈએ જેથી કરીને વધુ ઉત્પાદન મેળવી શકાય તે અંગેની માહિતી આપવામાં આવી. સોયાબીનના પાકમાં સીઝન દરમ્યાન કયા કયા રોગ ધ્વારા સોયાબીનના પાકને નુકશાન થાય છે અને તેને નિવારવા માટે કયા પગલાં લેવા જોઈએ તે અંગેની માહિતી ર્ડા. આર.જી.પરમાર ધ્વારા તાલીમાર્થીઓને પુરી પાડવામાં આવી હતી. સોયાબીનના પાકમાં જીવાતો ધ્વારા ધણું નુકશાન થતુ હોય છે. તો તે બાબત અંગેની જાણકારી ર્ડા. એન.બી.પટેલ ધ્વારા સોયાબીનની મુખ્ય જીવાતો અને તેનું સંકલિત વ્યવસ્થાપન વિષય ધ્વારા જાણકારી આપવામાં આવી હતી.

તાલીમના દ્વિતીય દિવસે ર્ડા. એ.એસ.ભાણવાડીયા, સહ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ ધ્વારા સોયાબીનની ખેતીમાં કઈ જાતોનો ઉપયોગ કરવામાં આવે તો વધુ ઉત્પાદન મેળવી શકાય તે આશયથી સોયાબીનની વિવિધ જાતો અંગેની માહિતી આપવામાં આવી. સોયાબીનનો ઉપયોગ ફકત બિયારણ ઉત્પન કરવામાં આવતો નથી, પરંતુ તેનો ઉપયોગ પ્રોસેસ કરીને જુદી જુદી રીતે કરી શકાય છે તે અંગે શ્રી જે.એસ.દોશી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ ધ્વારા માહિતગાર કરવામાં આવ્યા. ત્યારબાદ દિપ્તી પી. પટેલ, રીસર્ચ એસોસીએટ, આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીઆ ધ્વારા સોયાબીનની ધરગથ્થુ બનાવટો કે જેનો ઉપયોગ આહારમાં કરવામાં આવે છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને કાર્યક્રમના અંતે અત્રેના કેન્દ્ર ખાતેના સોયાબીનના વિવિધ અખતરાઓ તથા બીજ ઉત્પાદનની માહિતી ફિલ્ડ ધ્વારા આપવામાં આવી. આ કાર્યક્રમમાં ર્ડા. સંજય ગુપ્તા, મુખ્ય વૈજ્ઞાનિક (પાક સંવર્ધન અને જનીનશાસ્ત્ર), ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ સોયાબીન રીસર્ચ, આઈ.સી.એ.આર., ઈન્દોર ખાસ સંજોગોમાં હાજર રહયા હતા અને તેમણે મધ્ય ભારત વિસ્તારના વિવિધ સોયાબીનના કેન્દ્રો અંગે તેમજ સોયાબીનની ઉત્પાદકતા વધારવા અંગે માહિતગાર કર્યા હતા અને તાલીમાર્થીઓને સર્ટીફિકેટ વિતરણ કરીને કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી.




POCO
SHOT ON POCO F1
2018/9/27 15:38


POCO
SHOT ON POCO F1
2018/9/28 13:16


POCO
SHOT ON POCO F1
2018/9/27 12:06


POCO
SHOT ON POCO F1
2018/9/27 14:52


POCO
SHOT ON POCO F1
2018/9/28 12:06


POCO
SHOT ON POCO F1
2018/9/28 12:06


આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીયા
POCO
SHOT ON POCO F1
2018/9/28 12:09